

## ભાષાની ભવ્યતા

સિદ્ધરાજ જયસિંહના શૈશવની આ વાત છે. સિદ્ધરાજના પિતા કર્ણસિંહ તો એને ત્રણ વર્ષનો મૂકી ગુજરી ગયા હતા. રાજ્ય એની મા મીનળદેવી ચલાવતાં હતાં. સિદ્ધરાજ નાનો હતો પણ એની પ્રતિભાની ખ્યાતિ દૂર દૂર દિલ્હી સુધી પહોંચી હતી. દિલ્હીના સમ્રાટે મીનળદેવીને કહેવડાવ્યું. "તમારો પુત્ર મોટો થયો છે. એને દિલ્હીના દરબારમાં હાજરી આપવા મોકલો. મીનળદેવીને ચિન્તા થવા લાગી. એણે એને ઘણી ઘણી શિખામણ આપવા માંડી ત્યારે સિદ્ધરાજે કહ્યું: "તમે શિખવાડો છો તે સિવાયનું કંઈક ત્યાં આવી પડે તો તમને પૂછવા કેમ આવું તે મને કહો!" આ માર્મિક ઉત્તરથી મા પ્રસન્ન થઈ.

દિલ્હીના દરબારમાં વિનય અને નમ્રતાભરી સભ્યતાથી પ્રવેશ કરી સિદ્ધરાજે સૌનાં મન જીતી લીધાં. એની પરીક્ષા કરવા બાદશાહે એના બંને હાથ મજબૂત પકડીને પૂછ્યું: "બોલ, હવે તું શું કરીશ?"

હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યા વિના જ સ્મિત કરી સિદ્ધરાજે કહ્યું: આ દેશમાં વર કન્યાને એક હાથથી પકડે છે તો એને જિંદગીભર નભાવે છે. એના યોગક્ષેમની જવાબદારી લે છે; આપે તો મને બંને હાથથી પકડયો છે, હવે મારે ચિન્તા શી! આજથી હું નિશ્ચિત થયો!"

આથી પ્રસન્ન થયેલા બાદશાહે ખૂબ ઇનામ આપી એને વિદાય આપી.

—પૂ. ચિત્રભાનુ

વર્ષ ૩ જું     અંક ૬ ઠો

# દિવ્યદીપ




તા. ૯–૧૦–૬૬ ના રવિવારની સાંજે ચોપાટીના સાગર તટે એક જંગી સભા "ગૌરક્ષા" માટે યોજાઇ હતી. જેમાં દેશભરના અનેક વિદ્વાન સાધુઓ ઉપસ્થિત થયા હતા. આ વિશાળ સભા સંબોધતા અહિંસાના મહાન પ્રચારક પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજે મંગલમય શ્લોકથી ઉદ્દઘોષણા કરતાં કહ્યું: "આજની સભા એ એક દુઃખદ સંમેલન છે. આજ કોઈ જન્મ દિન ઉજવવા નહીં, પણ આપણા હૃદયમાં જે અસીમ દર્દ છે તેને વ્યકત કરવા મળ્યા છીએ.

અહિંસાના પ્રતીક અશોક ચક્રના ત્રિરંગા ઝંડા નીચે આ દેશમાં જે પશુઓની હિંસા થઈ રહી છે તે એક કલંક કથા છે આપણી સંસ્કૃતિને માટે તે લાંછન છે, ગૌ જેવા ગરીબ પ્રાણીને પણ અભય નહિ? જીવે ત્યાં સુધી નકામુ ઘાસ ખાઈ દૂધ આપી માનું કાર્ય કરતા આ પશુને કત્લખાને જવું પડે આ કેવી માનવતા?...

આગળ જતાં એમણે કહ્યું: "નેતાઓના વિચાર, ઉચ્ચાર અને આચારમાં આકાશ જમીનનું અંતર છે. વાતો અહિંસાની કરે અને વાંદરા અને દેડકાઓનો પરદેશમાં નિકાસ થાય! આ હિંસાના વાતાવરણે આજે વિદ્યાર્થીઓનું માનસ બગાડયું છે. અને એ હિંસક તોફાનો તરફ વળ્યું છે. જેવું બીજ વાવો તેવું ફળ આવે. હિંસાના બીજથી અહિંસા થોડી જ જન્મવાની છે? પ્રેમથી પ્રેમ અને હિંસાથી હિંસા.

હું તો સરકારને ચેતવણી આપું છુ. પ્રજા માનસને પિછાની અત્યારે જ ગૌવધ પ્રતિબંધનો વટ હુકમ દ્વારા કાયદો લાવો અને અહિંસા તરફ એક કદમ ઉઠાવો. આ પ્રશ્ન રાજયદ્વારી બને તેમ હું નથી ઇચ્છતો. તકવાદીઓ આ તકનો ઉપયોગ કરી ચૂંટણી જંગ લડે તે તો એકદમ ખરાબ છે. આ વાતને Politics ની દૃષ્ટિથી નહિ પણ Humanitariam દૃષ્ટિકોણથી જુઓ. આપણી સંસ્કૃતિ પણ આજ છે અને હિન્દનો આત્મા તે અહિંસા છે..."

# જીવન એક સંવાદ

પૂ. મુનિરાજશ્રી ચિત્રભાનુ મહારાજ

કોઈ એક સુંદર સાજ હોય, અને એ જો સારા સંગીતકારના હાથમાં, સારા કુશળ કારીગરના હાથમાં આવે તો એમાંથી એવું મધુર, સુંદર અને શાંત સંગીત નીકળે કે જેના વડે માણસ પોતે પોતાનું જીવન મધુર કરી શકે, ભક્તિ વડે કરીને મન નિર્મળ કરી શકે, ભાવના વડે કરીને આત્માને ઉર્ધ્વગામી બનાવી શકે; પણ એનું એ સાજ જો અનાડીના હાથમાં આવી જાય, કોઈ અણુસમજુના હાથમાં આવી જાય તો એ તાર વગાડી વગાડીને એવી કર્કશતા ઊભી કરે કે સાંભળનારને બેચેન કરી મૂકે, આજુબાજુમાં બેઠા હોય તેને થાય કે આ બંધ થાય તો સારું! સાજ પણ તૂટી જાય અને નકામી કર્કશતા એવી ભરાઈ જાય કે માણસને ત્રાસ ત્રાસ થઈ જાય!

તો સાજ એ જ છે, પણ ઉપયોગ કરનાર કોણ છે એ જ મોટો પ્રશ્ન છે. એ જો કારીગર હોય તો સંગીત નીકળે, અણઘડ હોય તો કર્કશતા.

એમ આ સંસાર, આ ધર્મ અને આપણું જીવન એનો ઉપયોગ કરનાર કોણ છે, એના ઉપર બહુ મોટો આધાર રહે છે. લોકો કહે છે કે ધર્મ ખરાબ છે, જમાનો ખરાબ છે, એ લોકો ઓછું સમજે છે. કારણ કે એ લોકો સતત ફરિયાદ કરવામાં જ સમજે છે, પ્રયત્ન કરવામાં નથી સમજતા. જે લોકો આમ ફરિયાદ કરે છે એ લોકો બોલી બોલીને હારી જાય છે, થાકી જાય છે, અંતે એક દિવસ નિરાશ થઈને કહે છે કે અમે ઘણું કર્યું પણ કાંઈ ન વળ્યું. હું એમને કહું છું કે તમે કાંઈ કર્યું જ નથી. તમે એક જ કર્યું; ફરિયાદ કરવાનું. અને યાદ રાખજો કે ફરિયાદ કરવાથી કોઈ દિવસ જગતનો પલટો નથી થતો, જગતમાં નવસર્જન નથી આવતું. નવસર્જન કરવા માટે તો આપણે એક પ્રકારનો સંવાદ પેદા કરવો પડે અને જીવનમાં સંવાદ ઉત્પન્ન થાય છે તો જ આપણા જીવનમાંથી દિવ્ય સંગીત પ્રગટ થાય છે, આપણું જીવન આદર્શ બને છે. આપણા જીવનમાંથી એક નવી હવા ઊભી થાય છે. પછી એ હવાના લેનારા થોડાક માણસો હોય કે આદર્શોને અપનાવનારા ભલે મૂઠીભર માણસો હોય પણ એ મૂઠીભર માણસોથી જે કામ થઈ શકે તે માત્ર ફરિયાદ કરનારા હજારો માણસોથી પણ કામ નથી થતું. તમે જોયું હશે કે હડતાળિયાઓ હજાર ભેગા થાય પણ તે જેહાદ બોલાવવા સિવાય કાંઈ ન કરી શકે. એ હડતાળ પાડી શકે, બૂમરાણ કરી શકે, કોઈ વાર ચાલતા કામકાજને બંધ કરી શકે; પણ સર્જન કંઈ જ ન કરી શકે! સર્જન તો જે થોડા માણસો કરતા હોય એ જ કરી શકે. આ સૂત્રો પોકારવાનું કાર્ય અને જેહાદ કરવાનું કાર્ય જગતમાં ઘણા માણસો કરતા હોય છે. પણ જે સંવાદ સર્જવાનું કામ છે એ તો દુનિયામાં બહુ થોડા માણસો જ કરતા હોય છે. આવા લોકો સંવાદ સર્જી શકે છે. અને એ સંવાદ દ્વારા આ સંસારની અંદર કાંઈક પરિવર્તન લાવી શકે છે.

શાન્ત પળોમાં બેસી તમારે વિચાર કરવાનો છે. આટલા વર્ષોથી ભેગા થાઓ છો તો ફરિયાદમાં તમારો નંબર છે કે સંવાદમાં? ફરિયાદમાં હશો તો જગતનો જે પ્રવાહ ચાલે છે, જે ટોળું ચાલે છે, એક અંધ પરંપરા ચાલે છે તેમાં તમે પણ ગોઠવાઈ જશો. તમારો પણ નંબર લાગી જશે.

તમે જે શ્રવણ કરો છો અને જે વિચાર-ધારાઓ અપનાવો છો એના દ્વારા સંવાદ સર્જવાનો છે. આવું સરસ સાજ-વાજિંત્ર ફરી નહીં મળે. ૮૪ લાખ જીવાયોનિમાં ઊંચામાં ઊંચુ જો કોઈ સાજ હોય તો માનવદેહનું છે. એ માનવદેહમાં રહેલા સૂરોથી, સંગીતથી તો મારા બંધુ! તું મોક્ષ મેળવી શકે એમ છે. આનાથી તારે, વધારે શું જોઈએ છે?

માણસની પ્રગતિનું છેલ્લામાં છેલ્લું બિન્દુ તે મોક્ષ. ગમે તે ધર્મ હોય પણ તે અંતિમ કોઈક વિશ્રામને તો ઇચ્છે જ છે. ક્રિશ્ચાનીટીમાં Salvation છે, તો હિન્દુઓમાં મુક્તિ છે, વૈષ્ણવોમાં વૈકુંઠ છે, તો મુસલમાનોમાં જન્નત છે–એ બધા લોકો જિંદગીનું એક છેલ્લું બિંદુ તો ઇચ્છે જ છે. એ છેલ્લા બિંદુએ પહોંચવા માટે દરેક ધર્મના મહાપુરુષોએ એક વાત તો કબૂલ રાખી છે કે એ બિંદુએ પહોંચી શકાય એમ હોય તો એ માત્ર માનવદેહથી જ પહોંચી શકાય. બીજા કોઇ દેહથી નહીં.

આવું સરસ માનવદેહ સમું સાજ મળ્યું છે. માણસો આ સાજમાંથી સંગીત કેમ પ્રગટાવી શકતા નથી? કેટલો વિષાદ છે! દુનિયાને સુધારવાની વાત ઘણા કરે છે પણ દિલ તો સુધરતું જ નથી. તમે દુનિયાને સુધારતાં પહેલાં દિલ સુધારો. બસ, દિલમાં સંગીત હોય તો દુનિયામાં સંગીત છે. સંગીતથી ભરેલા દિલની ભાષામાં સંગીત હોય, ભાવમાં સંગીત હોય, એના વાતાવરણમાં સંગીત હોય, એના જીવન વ્યવહારમાં સંગીત હોય, એમ લાગવું જોઇએ કે હું "જીવન જીવું છું." જે દિવસ આર્તધ્યાન વગરનો છે, જે દિવસ રૌદ્રધ્યાન વગરનો છે એ દિવસ તમારી જિંદગીની નોંધપોથીમાં લખાઇ જાય છે! એ દિવસ ઊંચામાં ઊંચો દિવસ છે. સમજી લેજો કે એ જ જાત્રાનો દિવસ છે, સમજી લેજો કે એ જ તમારા તપનો દિવસ છે, સમજી લેજો કે એજ પ્રભુના પ્રકાશને પામ્યાનો દિવસ છે. કારણ કે તમારો એ દિવસ આર્ત અને રૌદ્રધ્યાન વગરનો ગયો. અને ધર્મક્રિયા કરવાની પાછળ પણ આ ભાવ સિવાય શું છે. તમે જ શાંતિથી વિચાર કરો. આપણે આ જીવન શા માટે મેળવ્યું છે? દિવસો પૂરા કરવા માટે? નહીં જ. જો જીવનમાં જ આગ હોય, મનમાં જ વિષાદ હોય, જે દુનિયામાં રહેતા હો ત્યાં જ સતત ઘર્ષણ હોય અને તેમ છતાં પણ તમારા દિવસો પૂરા થતાં હોય તો એવા પ્રકારના દિવસો શહેરમાં પૂરા કરવા એના કરતાં એકલા જંગલમાં બેસીને શાંતિથી જીવન જીવવું એ વધું સારું છે. પણ વિસંવાદવાળું, ઘર્ષણવાળું, કલહવાળું અને જેમાં નિશદિન મનની કટુતા હોય એવા એ રાજમહેલના જીવન કરતાં ઝૂંપડાનું સાદુ પણ શાન્ત જીવન સારું છે.

એટલે કવિઓને કહેવું પડ્યુ કે **वरम् वने वनवास:।** વનવાસ સારો, પણ કેવી રીતે? સારા માણસોનો સંસર્ગ હોય, સારા માણસોની વાતો હોય, જીવન ઘડે એવાં કોઈ બે ચાર વિચારો હોય. રામનો વનવાસ પણ સારો છે અને રાવણનો લંકા-નિવાસ પણ નકામો છે. કારણ એ છે કે જે લંકાનો પ્રાસાદ છે તે પ્રાસાદમાં વિષયોની ભૂખ છે, કામનો તડફડાટ છે. પ્રેમના પ્રકાશને બદલે પશુતાની પરવશતા છે, એ સોનાની લંકામાં શું ધૂળ છે?

એટલાં માટે તમે જિંદગીનું એ સૂત્ર નક્કી કરો કે જેથી દુઃખ ઉત્પન્ન થતું હોય, અશાન્તિ મળતી હોય એવા કરોડોની કિમ્મતનાં સાધનો હોય તો પણ જતાં કરવાં પણ સહન કરીને અશાન્તિમાં દિવસો ન કાઢવા.

જેની ખાતર કજિયો થતો હોય એ વસ્તુ ફેંકી દેવી, કારણ કે કજિયા કરતાં સંગીત એ બહુ ઉંચી વસ્તુ છે. અને એ શાંતિના સંગીત ખાતર તો મોટા મોટા ચિંતકોએ રાજ્યો અને વૈભવોને પણ જતાં કર્યાં છે. કોઇએ કહ્યું કે પૈસો તો કહે લઇ જાઓ, કોઇ એ કહ્યું કે પ્રસિદ્ધિ તો કહે લઇ જાઓ, રાજ્ય, તો કહે લઇ જાઓ પણ અમને શાંતિના સંગીતમાં મસ્તીથી જીવવા દો. અમારી શાંતિ disturb કરશો નહીં. જીવનને ક્ષુબ્ધ કરશો નહીં. અમને 'જીવન' જીવવા દો.

તમે માથેરાન જાઓ છો, દેવલાલી જાઓ છો, સીમલા જાઓ છો, અરે દૂર સુદૂર એવા હવાખાવાનાં Hill Stations ઉપર જાઓ છો. શા માટે? જરાક વિચારો. શાંતિ માટે જ ને? આ ઘરનું મકાન, આ ઓળખીતા માણસો, આ નોકરો, સારું ખાવાનું, આ બધું જ મૂકીને ત્યાં હોટલોમાં રહેવું પડે છે. જ્યાં ખાઓ છો તે અનાજ સારું છે, સાચું છે એની પણ ખાતરી નથી. બીજાએ રાંધેલું ખાઇને પણ લોકો રહે છે! શા માટે? કોઈ રીતે પૈસા ખરચીને પણ સુખ અને શાંતિ મેળવવા. આ રોજના ઓળખીતા સાથે ઘર્ષણ કરી કરીને, માથાફોડ કરી કરીને થાકયા. એમાંથી મુકત થઇએ તેમ તમે ઇચ્છો છો. તેમ છતાં પણ મેં જોયું છે કે ઘણાં લોકો Holiday કરવા જાય છે અને હોળી day કરીને આવે છે! હોળી એટલે ભડકા! ત્યાં આગળ ઝગડા કરે છે, કજિયા કરે, માથાફોડ કરે અને લડીને પાછા આવે છે! હું તમને કહું છું કે જીવતાં આવડે તો જ્યાં તમે જીવો છો ત્યાં જ માથેરાન બની જાય.

રોજ સવારે ઊઠતાં એક વિચાર કરો. આજનો મારો દિવસ મારે સરસ રીતે પસાર કરવો છે, અને એ રીતે પસાર કરવામાં જે વસ્તુ અંતરાય કરતી હોય એ વસ્તુને ફેંકી દેતા શીખો. પછી તે પૈસો હોય કે પ્રસિદ્ધિ હોય. શાંતિ મુખ્ય છે અને તેને ટકાવી રાખવાની છે.

એટલા જ માટે તો શ્રી રામચંદ્રજીએ આખી અયોધ્યા છોડી દીધી. એને થયું કે આ અયોધ્યાથી કૈકયીના મનમાં દુઃખ હોય, મારા જીવનનું સંગીત લૂંટાઇ જતું હોય તો તે મારે ન જોઇએ. મારે તો શાંતિનું સંગીત જોઇએ, તે માટે જંગલ સારું છે.

આજે સાધનોનો સંગ્રહ હોવા છતાં દુઃખ છે, પણ આ વિચારથી સાધનોના સંગ્રહ વિના પણ સુખ થવાનું. એ જે આન્તરિક સુખ છે, એને માટે જ ધર્મ તમને માર્ગ ચીંધે છે. ધર્મ તમને બીજું કાંઈ કહેતો નથી. ધર્મ કહે છે કે તમને જે સાજ મળ્યું છે તેમાંથી સંગીત પ્રગટાવો. આના કરતાં સારી વાત કહેનારા દુનિયામાં છે કોણ? હું તમને ફરીથી કહેવા માંગુ છું કે ધર્મ એમ નથી કહેતો કે હોમ કરો. યજ્ઞ કરો, ઘી બાળો, એ બધી વાતો સાથે આપણે સંમત નથી. જ્યારે સાચું ઘી બળતું હતું ત્યારે પણ યજ્ઞોમાં દેવો નહોતા આવ્યા તો આ vegetable ડાલડાના ઘીથી દેવો થોડા જ આવવાનાં છે? શું કરવા ઘી બાળો છો?

ખરી વાત એ છે કે જીવન જ યજ્ઞ છે. એ યજ્ઞમાં માણસોએ એક જ વિચાર કરવાનો છે કે હું એવું કોઇ પણ કામ ન કરું કે જેથી બીજાના દુઃખમાં હું નિમિત બનું. અને આ જગતમાં એક બહુ વિચિત્ર પણ અટલ નિયમ છે કે આજે તમે કોઇને દુઃખી કરી મનમાં હસી લો કે મેં તેને કેવો દુઃખી કર્યો. પણ કુદરતમાં એવી વ્યવસ્થા છે કે એ જ દુઃખ ફરતું ફરતું પાંચ દશ વર્ષે તમારી મુલાકાત લે છે. તમે પાંચ દશ વર્ષ પહેલાની એ ઘટના ભૂલી જાઓ છો અને કહો છો કે આ અણધારી આફત કયાંથી આવી? આ અણધારી આફત ઘણા વર્ષો પહેલાં કોઇને ત્યાં મોકલાવી હતી તે વ્યાજ સહિત બીજા રૂપે પાછી આવી!

સૌરાષ્ટ્રના એક ભાઈ અમદાવાદમાં ન્યાયાધીશ તરીકે હતા. સવારના સમયમાં એલીસબ્રીજ આગળ ફરવા નીકળ્યા. તેમની આગળ બે માણસો ચાલ્યા જાય. તેમાના એક માણસે બીજાનું ખૂન કરી નાખ્યું! સવારના સમયમાં, કિનારા ઉપર ઊભાં ઊભાં એમણે જોયું કે પેલો માણસ મારીને ભાગી રહ્યો છે. મરનાર બૂમ પાડીને પડયો! એટલામાં તો માણસો ભેગા થયાં અને પોલીસ આવી. ત્યારબાદ પોલીસે તપાસ કરીને

એક માણસને પકડયો. તેના ઉપર કેસ ચાલ્યો. એ કેસમાં બધાં પૂરાવા રજુ કરવામાં આવ્યા અને સિદ્ધ થયું કે ખૂન કરનાર આ જ માણસ છે. એ જ ન્યાયાધીશ પાસે આ કેસ આવ્યો હતો. નિયમ તરીકે ન્યાયાધીશ સાક્ષી બની શકતા નથી. એ પોતે જાણે છે કે મારનાર આ માણસ તો નહોતો જ. ખૂન થયું એ વાત સાચી પણ ખૂની ભાગી ગયો અને આ માણસ ઝડપાઇ ગયો. બધાં જ પૂરાવા સબળ હતા. એની પાસેથી શસ્ત્ર પણ મળી આવ્યું! ચુકાદામાં પૂરવાર થયું કે આ માણસ ખૂની છે. પણ આ ન્યાયાધીશને કુદરતમાં બહુ શ્રદ્ધા, કર્મવાદમાં અપૂર્વ વિશ્વાસ. એણે વિચાર્યું કે જો હું તેને નિર્દોષ જાહેર કરીશ તો પણ ઉપરની કોર્ટ તો સજા કર્યા વગર રહેવાની જ નથી, કારણ કે સબળ દાર્શનિક પૂરાવા હતા. આ વાત ઉપર તેમણે ખૂબ મંથન કર્યું. અને આખરે એક દિવસ ન્યાયાધીશ પોતે જ ખૂનીને મળ્યા. તેમણે કહ્યું: "કોર્ટ તો સાક્ષી અને પૂરાવાઓ પર ચાલે અને કોઈકવાર એમાં સત્ય પણ અસત્ય બને અને અસત્ય પણ સત્ય બને. હું જાણું છું ત્યાં સુધી ભલે તું ખૂની તરીકે પકડાયો, અને કેસ ચાલ્યો પણ તું આ ખૂનમાં ખોટો સંડોવાયો છે. આમ કેવી રીતે બન્યું તે મને સમજાતું નથી. તું મને સત્ય હકીકત કહે." એમણે એવા પ્રેમથી વાત કરી કે પેલાના દિલનો દરવાજો ખૂલી ગયો. એણે કહ્યું કે આપ જે કહો છો તે સાચું છે પણ સાત વર્ષ પહેલાં મે ત્રણ ખૂન કરેલાં. ન્યાયાધીશે આશ્ચર્યથી પૂછ્યું 'ત્રણ ખૂન કરેલાં'? હા, પણ એ વખતે મેં એવા મોટા વકીલો રોકયા અને પૂરાવા ઊભા કર્યા કે ત્રણ ત્રણ ખૂન કરવા છતાં પણ હું નીર્દોષ છૂટી ગયો. એ ખૂનથી ભેગો કરેલા પૈસાનો મોટો ભાગ વકીલોને ગયો અને આજ સુધી હું ઉડાવતો રહ્યો. પણ અંતે હું પકડાઈ ગયો! આ ઉત્તરથી એને એનો જવાબ મળી ગયો. આ ન્યાયાધીશે જન્મટીપની સજા કરી પણ ઉપલી કોર્ટે તેને ફાંસીની સજા કરી.

કુદરતમાં એવો નિયમ છે કે તમે સરોવરને કિનારે કાંકરો નાખો તો એ સરોવરના જળમાં અનેક તરંગો ઉત્પન્ન થાય છે અને છેક સામેના કિનારા સુધી જાય છે. થોડું અંતર વધતાં તમને લાગે છે કે હવે તો એ તરંગો અદૃશ્ય થઈ ગયા છે. પણ એ તરંગો અદૃશ્ય થઇ તે પણ આગળ ચાલી જ જાય છે. પાણીના અંદરના થરોમાં એ વહે જ જાય છે. અને સામેના કિનારે એની ધાર નહીં અડે ત્યાં સુધી એ તરંગો લંબાતા રહેવાના.

## કારખાનું કે કલાધામ?

એક મંદિર બંધાતું હતું. ત્યાં એક માણસ જઇ પહોંચ્યો. એણે એક કામ કરનારને પૂછ્યું: 'શું કરો છો?' 'પેટ ભરવા માટે મજૂરી'– પેલાએ પથ્થર કોતરતાં જવાબ આપ્યો. આણે બીજાને પૂછ્યું: 'તમે શું કરો છો?'– 'પથ્થર કોતરું છું.' 'ને તમે?' એણે ત્રીજા એકને પૂછ્યું. 'મંદિર બાંધું છું.'–એણે ઉત્સાહથી જવાબ આપ્યો.

ત્રણેય એક જ કામ કરતા હતા. પણ એ કામ પ્રત્યે ત્રણેયની દૃષ્ટિ જુદી હતી. ભૌતિક બદલો તો ત્રણેયને એક સરખો મળતો હતો, પણ આનંદમાં કેટલો ફેર?

આપણે ભલે ને ગમે તે ક્ષેત્રમાં, ગમે તે કામ કરતા હોઇએ, પણ એ કામ પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ મજૂર કે કારીગરનો ન રહેતાં કલાકારના સર્જનનો દૃષ્ટિકોણ હોય તો જીવન મજૂરી નહીં પણ કળા લાગે. જગત કારખાનું નહીં પણ કળાધામ લાગે. પણ એ માટે આપણે જાતને જાણવી પડે, પોતાના જીવનનું ને કામનું મહત્ત્વ સમજવું ઘટે.

# આંતરિક જીવન — The Inner Life

માનવજીવનમાં થોડીક હકીકતો એવી છે કે જેની પૂરી જાણ ઘણા માણસોને હોતી નથી. આ હકીકતની જાણ થવા માટે માત્ર ભણતર કામ નથી આવતું, અને વ્યક્તિની ઉંમર વધતાં એનું જ્ઞાન આપોઆપ થાય એમ પણ નથી બનતું. ઉંમર સાથે પણ એનો સીધો સંબંધ નથી રહેતો. પરંતુ જે વ્યક્તિઓનો જીવન વિકાસ થયો હોય એવી વ્યક્તિઓને એની જાણકારી થાય છે.

માનવજીવનની ખૂબ મહત્ત્વની હકીકત એ છે કે "દરેક વ્યક્તિનાં બે પ્રકારનાં જીવન હોય છે. એક બહારનું અને બીજું અંતરનું. બહારનું જીવન બધા જોઇ શકે છે અને એના બાહ્ય જીવન ઉપરથી એના જીવનની સફળતા કે નિષ્ફળતાનો અંદાજ સાધારણપણે કાઢવામાં આવે છે. એ નોકરિયાત વર્ગનો હોય, વેપારી વર્ગનો હોય કે વકીલ, દાક્તર જેવો ધંધાદારી હોય, એની આજીવિકાનું સાધન ગમે તે હોય પરંતુ ઘણે ભાગે એની શ્રીમંતાઇ પરથી કે એની આર્થિક સમૃદ્ધિ પરથી એ માણસનું જીવન સફળ બન્યું એમ મનાય છે; એથી ઊલટું, જે માણસ જીવનભર વૈતરું કરીને પોતાનો વ્યવહાર જેમ તેમ નભાવી રહ્યો હોય એવા માણસનું જીવન નિષ્ફળ બન્યું એવી માન્યતા સમાજમાં રૂઢ થઇ છે. આમ વ્યક્તિની આર્થિક સમૃદ્ધિ ઉપર જ માણસની પ્રતિષ્ઠાનો આંક બંધાય છે અને માણસનું બાહ્ય જીવન જ જાણે એનું મહત્ત્વનું જીવન હોય એવી વિચારશ્રેણી સમાજમાં પ્રચલિત થઇ છે.

સાચી રીતે જોતાં કોઇ પણ વ્યક્તિના બાહ્ય જીવન કરતાં એનું આંતરિક જીવન વધુ મહત્ત્વનું છે. માનવજીવનની સફળતા કે નિષ્ફળતાનો અંદાજ કરતી વખતે અને આંતરિક જીવનની—એના જીવનના વિકાસની જ વિચારણા કરી શકાય. આંતરિક જીવનના વિકાસ માટે બાહ્ય પરિસ્થિતિ કે આર્થિક સમૃદ્ધિની ખાસ આવશ્યકતા નથી રહેતી. જે વ્યક્તિનું આંતરિક જીવન સમૃદ્ધ બન્યું હશે એનું જીવન સ્વલક્ષી નહિ હોય. એ માત્ર પોતાના જ સુખ સગવડોનો ખ્યાલ નહિ કરે, પરંતુ પોતાના કુટુમ્બીઓને, પડોશીઓને, એની સાથે સંપર્કમાં આવતા દરેકને માટે કોઇ પણ રીતે મદદરૂપ થવાની વૃત્તિ રાખતો હશે. આર્થિક મુશ્કેલીમાં પણ એ અપ્રમાણિકપણે પૈસો મેળવવા કે શ્રીમંત થવા વિચાર નહિ કરે. એની ભાષામાં, એના પહેરવેશમાં, એની સમગ્ર દિનચર્યામાં ક્યાંયે કોઇને પણ આઘાત લાગે એવું નહિ જણાય. એનું સત્વ ઉત્તરોત્તર શુદ્ધ બનતું રહેશે અને એના પરિણામે એના ચિત્તની પ્રસન્નતા વધતી જશે અને એ જીવનની ધન્યતા અનુભવશે.

બાહ્ય જીવન કરતાં આંતરિક જીવન વધુ મહત્ત્વનું છે એ જાણ્યા પછી જીવનને સમૃદ્ધ કરવા માટે માણસને પહેલાં તો અંતર્મુખ થવું પડે છે. પોતાનાં જીવનમાં કઇ આદતો જડ ઘાલી બેઠી છે, કયા દોષો રહ્યા છે, કઇ જાતના પ્રલોભનો એના માર્ગમાં આડખીલીરૂપ બને છે એનું એણે બારીકાઇથી નિરીક્ષણ કરવું જોઇએ. એ દોષો દૂર કર્યા સિવાય આંતરિક જીવન સમૃદ્ધ બની નથી શકતું.

માણસ ગમે તેટલો પ્રયત્નશીલ હોય તો પણ એ જૂની આદતો માત્ર દૃઢ નિશ્ચય કરે આપોઆપ છૂટતી નથી. એના પ્રલોભનો સામે એ માત્ર પોતાની શકિતથી ટકી શકતો નથી. એને કોઈ બીજી શક્તિના સહાયની ખૂબ જ જરૂરિયાત લાગે છે અને એવે સમયે એ નમ્ર અને દીન બનીને એવી શક્તિ એને મળે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે ત્યારે કોઈક ઇશ્વરી નિયમ પ્રમાણે એને એવી સહાય મળી રહે છે, એવો અનુભવ સંતો અને મહાપુરુષોને અનાદિકાળથી થયો છે.

એ આંતરિક જીવનની મહત્તા-એ જીવન સિવાય બાહ્ય જીવનની ક્ષુલ્લકતા-દર્શાવતા-મહાત્માએ કહ્યું કે "હું ખોરાક વગર જીવી શકું, પાણી વગર જીવી શકું, હવા વગર જીવી શકું, પણ પ્રાર્થના વગર એક ક્ષણ પણ જીવી નહિ શકું" એમના બાહ્ય જીવન માટે ખોરાક, પાણી અને હવા તો આવશ્યક હતા જ. પરંતુ એમની કાયમની નજર તો એમના આંતરિક જીવન પર જ હતી. એ જ એમનું ખરું જીવન હતું.

# દિવ્ય જ્ઞાન સંઘ (D

**શાળા તથા કોલેજોના વિદ્યાર્થીઓના શિક્ષણ-સંસ્કાર અર્થે પ**

## જાહેર વક

**હેતુ** : આજનાં બાળકો અને યુવાનોમાં અહિંસાધર્મ પ્રત્યેની નૂ

**સ્પર્ધા** : આ સ્પર્ધામાં માધ્યમિક ધો. ૮ થી ૧૧ અને કોલેજ

**વિષય** : "યુદ્ધના ભયથી ત્રાસેલા આજના વિશ્વને કોણ બચાવી

**સમય** : વકતૃત્વ માટે દરેક વિદ્યાર્થીને પાંચ મિનિટ આપવામાં આ

**પુરસ્કાર** : કોલેજ-વિદ્યાર્થીઓ માટે અનુક્રમે રૂા. ૩૦૦; ૨૦૦;
ઉપરાંત, પ્રાથમિક સ્પર્ધામાંથી ચૂંટાઇને જેઓ આખરી સ

## પ્રાથમિક સ્પર્ધા

**સ્થળ : શ્રી શાન્તિનાથજી જૈન દેરાસર, પાયધુની, મુંબઇ ૨.**

**શાળા-ધોરણ ૮ થી ૧૧**

રવિવાર તા. ૪-૧૨-૧૯૬૬ સવારે ૯ વાગે

નિર્ણાયકો :

૧. પ્રા. શ્રી બકુલ રાવળ M. A.
(અધ્યાપક જયહિંદ કોલેજ)

૨. પ્રા. શ્રી ભૂપેન્દ્ર વ્યાસ M. A.
(અધ્યાપક એલ્ફિન્સ્ટન કોલેજ)

૩. કુ. વત્સલાબેન એમ. અમીન (એડવોકેટ)

**કોલેજ વિભાગ**

રવિવાર તા. ૪-૧૨-૧૯૬૬ બપોરે ૨ વાગે

નિર્ણાયકો :

૧. પ્રા. ડો. રમણલાલ સી. શાહ M. A. PH.D.
(પ્રાધ્યાપક, સેંટ ઝેવિયર્સ કોલેજ)

૨. પ્રા. બી. બી. ત્રિવેદી M. A.
(પ્રાધ્યાપક, એલ્ફિન્સ્ટન કોલેજ)

૩. પ્રા. શ્રી જમુભાઇ દાણી

## સ્પર્ધા પ્રવેશ અંગે

૧. આ સ્પર્ધામાં શાળા-ધોરણ ૮ થી ૧૧ ના અને કૉલેજના એમ. એ. સુધીના કોઇ પણ **વિદ્યાર્થી-વિદ્યાર્થિની** ભાગ લઈ શકશે. (ઉંમર મર્યાદા ૨૪ વર્ષ)

૨. સ્પર્ધાની ભાષા ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી રાખી શકાશે.

૩. પ્રવેશપત્રની સાથે પ્રવેશ ફી રૂા. ૧ આપવાનો રહેશે.

૪. આ પ્રવેશપત્રો નીચેના સ્થળેથી મળી શકશે.
'દિવ્ય દીપ' કાર્યાલય : લેન્ટીન ચેમ્બર્સ, ૪ થે માળે, દલાલ સ્ટ્રીટ, મુંબઇ-૧.

૫. પ્રવેશપત્ર ઉપર, જે શાળા કે કોલેજમાં વિદ્યાર્થી ભણતા હોય તેના આચાર્યની સહી તથા સંસ્થાનો સિક્કો જરૂરી ગણાશે.

૬. પ્રવેશપત્રો સ્વીકારવાનો છેલ્લો દિવસ તા. ૨૫-૧૧-'૬૬ નો રહેશે.

૭. આ પ્રવેશપત્રો ઉપરના સ્થળે જાતે આવીને આપી શકાશે અથવા ટપાલથી મોકલી શકાશે.

*ine Knowledge Society )*

ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજની નિશ્રામાં સંઘ-સંયોજિત

# ત્વ – સ્પર્ધા

અને જીવનલક્ષી દૃષ્ટિ ખીલે એ આ સ્પર્ધા પાછળનો પ્રધાન હેતુ છે.

વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

ક?" (*"What can save today's war tormented world?"*)

૦૦ શાળા – વિદ્યાર્થીઓ માટે અનુક્રમે રૂા. ૧૫૦; ૧૦૦; ૫૦

માં ભાગ લે, તે પ્રત્યેકને પ્રોત્સાહન-પુરસ્કાર પણ અપાશે.

## અંતિમ સ્પર્ધા

સ્થળ : શ્રી કોટ શાંતિનાથજી જૈન દેરાસર, ઓરા બજાર સ્ટ્રીટ, મુંબઈ-૧.

**ાળા વિભાગ**

વિવાર ૧૧-૧૨-૧૯૬૬ બપોરના ર વાગે

**કોલેજ વિભાગ**

રવિવાર ૧૮-૧૨-૧૯૬૬ બપોરના ર વાગે

નિર્ણાયકો :

. શ્રી એમ. એમ. ધ્રુવ
(ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ)

. શ્રી રામપ્રસાદ બક્ષી

. ડૉ. અમૃતલાલ યાજ્ઞિક
(આચાર્ય મીઠીબાઈ કોલેજ)

૧. શ્રી આર. એમ. કાંટાવાલા
(ન્યાયમૂર્તિ, મુંબઈ હાઈકોર્ટ)

૨. શ્રી કે. ટી. દેસાઈ
(નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ ગુજરાત હાઈકોર્ટ)

૩. પ્રો. કે. ટી. મરચન્ટ
(સભ્ય ટેરીફ કમિશન)

**વક્તાઓના માર્ગદર્શન અર્થે :**

રવિવાર તા. ૬-૧૧-'૬૬ ના રોજ સવારે ૯ વાગે પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ સંબોધન કરશે.
સ્થળ : શાંતિનાથજી દેરાસર, ઓરા બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ – ૧.

રવિવાર તા. ૨૦-૧૧-'૬૬ ના રોજ બપોરે ત્રણ વાગે નીચેના વિદ્વાનો સંબોધન કરશે.

૧. ડૉ. ઉષાબ્હેન મહેતા, મુંબઈ વિશ્વવિદ્યાપીઠ રાજ્યનીતિ શાસ્ત્રના પ્રાધ્યાપક.
૨. પ્રો. શંકરનારાયણન્ M. A. (ભવાન્સ દિલ્હીના ડિરેકટર)
૩. પ્રો. શ્રી દીક્ષિતજી (હિંદી પ્રાધ્યાપક જયહિંદ કૉલેજ.)

સ્પર્ધામાં ભાગ લેનાર દરેકને આ પ્રસંગે હાજર રહેવા વિનંતિ છે.

લી૦ સેક્રેટરીઓ : વ્રજલાલ કપુરચંદ મહેતા
જયંતિલાલ રતનચંદ શાહ
સી. ટી. શાહ

માણેકલાલ ચુનીલાલ શાહ
પ્રમુખ : દિવ્ય જ્ઞાન સંઘ

# ❋ વિધિની વક્રતા ❋

'પારુ સાઇકલની ડબ્બીમાં વીસ રૂપિયા મૂકી દેજે.' નવેમ્બર મહિનાનો પગાર પત્નીના હાથમાં મૂકતાં ધનસુખ બોલ્યો.

'આજે જ મેં એમાંના પૈસા ગણી જોયા. હજી તો ૬૦ રૂપિયા જ ભેગા થયા છે! શી ખબર તમારી સાઇકલ ક્યારે ખરીદાશે? તમે તો નામના જ ધન–સુખ રહ્યા, બાકી તો ખાલીખમ!' પારુ થોડા ઊકળાટ સાથે બોલી.

ધનસુખ દિલ્હીના સચિવાલયમાં નોકરી કરે છે. ત્યાંથી ૬–૭ માઇલ દૂર માંડ માંડ એને એક નાનકડી કોટડી મળી છે. બસનું ભાડું પોસાતું નથી. એટલે એણે સાઇકલ ખરીદી લેવાનો વિચાર કર્યો પણ.... દર મહિને માંડ માંડ ૨૦ રૂપિયા એ બચાવી શકે છે.

'હું તે શું કરું? આજેય દેવીને પ્રાર્થના કરી આવ્યો છું.'

'મારી સોનાની આ બે બંગડી વેચીને સાઇકલ લઇ લો. પછી પૈસા બચશે તેમાંથી ફરી કરાવી લઇશું' પારુ લાગણીવશ બની બોલી.

'આપણે બંગડી નથી વેચવી. દેવીની કૃપા થશે તો બે–ચાર મહિનામાં જરૂર સાઈકલ ખરીદી શકશું.'

'તમે ખિજાઓ નહિ તો એક વાત કહું.'

'હા, હા, કહે ને, ગભરાય છે શાની?'

'ગઇ કાલે લીલાબહેન સાથે ચાંદની–ચોકમાં ગયેલી ત્યારે મારી બે બંગડી ૨૫૦) રૂપિયામાં વેચી આવી છું.'

આ સાંભળતાં જ ધનસુખની આંખમાં પાણી આવી ગયાં.

'આજે જ રમેશબાબુને સાથે લઇ ને સાઇકલ ખરીદી લાવો, જેથી કાલથી જ એનો ઉપયોગ શરૂ થઇ જાય.'

પારુ હવે સાઇકલ માટે ખૂબ ઉતાવળી બની ગઇ હતી. અને ધનસુખ ને રમેશબાબુ સાઇકલ ખરીદી લાવ્યા. પારુએ સાઇકલની પૂજા કરી અને સહુએ ગળ્યું મોઢું કર્યું.

'પારુ, જો તો ખરી, આની સીટ કેવી સુંદર છે! અને જો, હવે એને તાળું–ચાવી ખરીદી લેવાં પડશે! નહિ તો પછી...'

'હા, કાલે જ લઇ લેજો. આટલા ખર્ચ્યા છે તો બે–પાંચમાં ક્યાં વધી જવાના?'

આજે બંને ખુશખુશાલ હતાં. કેટલા વખતે એમની ઇચ્છા પૂરી થઇ હતી! ધનસુખ જમી–કરીને ઑફિસે જવા તૈયાર થયો. સાઇકલ એની રાહ જોતી ઊભી જ હતી. ધનસુખને સાઇકલ પર સવાર થઈ ને જતો પારુ ક્યાંય સુધી જોતી રહિ. એ દેખાતો બંધ થયો ત્યારે ઘરમાં પાછી ફરી.

'બિપિનભાઇ, પાન ખાશો કે? બસની લાઇનમાં ઊભેલા બિપિનભાઈને ધનસુખે પૂછ્યું. બસ સ્ટૅન્ડ પર એ ખાસ તો એટલા માટે આવ્યો હતો કે 'ક્યુ' માં ઊભેલા બધા એની નવી સાઇકલ જુએ. આમ તો એને પાન ખાવાની ટેવ પણ ન'તી પણ બસના પૈસા આજે બચ્યા છે તો ચાલો પાન ખાઇ લઇએ એમ કહીને એ બિપિનને બાજુની જ પાનબીડીની દુકાને લઈ ગયો.

સાઈકિલ બાજુ પર ટેકવી પાન તૈયાર કરાવી રહ્યા હતા ત્યાં બસ આવી પહોંચી. ઝટ-ઝટ પાનનું બીડું મોઢામાં મૂકી બંને હાંફળા-ફાંફળા બસમાં ચઢી બેઠા. બસ એકાદ ફર્લાંગ આગળ વધી હશે ત્યાં તો ભાઈ સાહેબને યાદ આવ્યું કે સાઈકલ ભૂલ્યો! એણે કંડકટરને બસ ઊભી રાખવા ખૂબ વિનંતી કરી પણ સ્ટૉપ આવ્યા વિના એણે બસ ઊભી ન જ રાખી.

'અંબે....અંબે....'નું સ્મરણ ધનસુખના હોઠે રમી રહ્યું હતું.

બસ થોભી કે તરત ઊતરીને સાઇકલની દિશામાં દોડયો. સાઈકલ ત્યાંજ પડેલી હતી. દેવીની કૃપાથી એનું હૈયું ગદ્ગદિત થઇ ગયું. ખોવાયેલું બાળક જડી

આવતાં જ મા જેમ એને વળગી પડે તેમ એ સાઇકલને વળગી પડયો. આજુ-બાજુ ઊભેલાઓ પ્રશંસા કરવા લાગ્યા. બાકી દિલ્હી જેવા શહેરમાં તો આંખના પલકારામાં સાઇકલો ઊપડી જતી હોય છે!

સેક્રેટેરિયેટની દિશામાં એ આગળ વધી રહ્યો હતો ત્યાં એને વિચાર આવ્યો કે ઑફિસે જતાં પહેલાં દેવીને પ્રસાદ ધરાવી આવું. એની કૃપા વિના સાઇકલ પાછી હાથમાં ન આવત. એમ કરીને એણે સાઇકલ મંદિરની દિશામાં વાળી.

મંદિરના દ્વાર પર સાઇકલ ટેકવી એ અંદર ગયો. પૂજારીને ઝટઝટ બોલાવી માતાને સવા રૂપિયો ધરી નાળિયેર વધેર્યું. લળી-લળીને એણે દેવીને પ્રમાણ કર્યા. જિંદગીમાં એણે પહેલી જ વાર દેવીની આવી અસાધારણ કૃપાનો અનુભવ કર્યો હતો. છેવટના પ્રણામ કરી એ પાંચ-મિનિટમાં બહાર નીકળ્યો. ઑફિસે પહોંચવાની ઉતાવળ તો હતી જ. જલદી જલદી પેન્ટમાં ક્લિપ નાખી એ સાઇકલ પર બેસવા ગયો. પણ...પણ... સાઈકલ ક્યાં ?....'મારી સાઇકલ? ક્યાં ગઇ? તમે જોઈ કે?'

'તાળું મારીને જવું જોઇએ ને? અક્કલ વિનાનું કામ કરી બેઠા તે!' ત્યાં ઊભેલામાંના મોટા ભાગના સહાનુભૂતિ વ્યકત કરવાને બદલે એની મૂર્ખતા પર હસતાં હતા!

એ દોડતો દોડતો પોલીસ ચોકીમાં જઇ ફરિયાદ નોંધાવી આવ્યો. પોલીસોએ પણ એને ધમકાવ્યો.

ઑફિસે જવાની શકિત હવે એનામાં રહી ન હતી. એ સીધો જ ઘેર પહોંચ્યો. એનો રડમસ ચહેરો જોઇ ને જ પારુને ધ્રાસકો પડયો. 'કેમ પાછા? સાઇકલ ક્યાં?'

લમણે હાથ દઇ એણે આખી દાસ્તાન કહી સંભળાવી. બંને જણથી પોક મૂકીને રડી દેવાયું. દેવીએ આ શી ક્રૂર મશ્કરી કરી!

(શ્રી યશપાલજીની હિંદી વાર્તાને આધારે)

—હરિશ્ચંદ્ર

## સંગમ

હઠયોગી રાવ પૂજ્ય ચિત્રભાનુ મહારાજનાં દર્શનાર્થે આવેલા. એમણે ભાવથી નમન કર્યું. થોડીક વાતો કરી એમના મનમાં ઘોળાતા પ્રશ્ન પૂછયા; "શું યોગથી ભ્રષ્ટ થયેલા માણસનો ભોગમાં વિનીપાત જ થાય? એ નીચે જ જાય? એને ફરી ચઢવાનો અવકાશ નહિ?"

પૂજ્યશ્રી કહે: "આ વાત દાદર પરથી લપસતા માણસ જેવી છે. એ લપસ્યો એટલે પડવાનો જ. જેટલો ઉપર એટલી જ ચોટ વધારે, પણ પડતાં પડતાં એ જો સંભાળી લે, એને કોઈ કઠેડો કે એવું કંઇક એને ધારણ મળી જાય તો અધવચ્ચેથી પણ એ બચી જાય. ભોગને રોગનો ભય છે, તેમ યોગને ભોગનો ભય છે."

એટલામાં ગુજરાતમાં દાદાજીના લાડલા નામે જાણીતા મૂકસેવક પૂ. શ્રી રવિશંકર મહારાજ આવી ચઢયા. આ ઉંમરે પણ એ ચાર માળ ચઢી ઉપર આવ્યા. તામ્રવર્ણું એમનું સસ્મિત વદન આ વયે પણ સાચી સાદાઈનું જીવંત દ્દષ્ટાંત પૂરું પાડતું હતું. નમન કરી એમણે પણ આસન લીધું. મુનિશ્રીએ રાવને દાદાની ઓળખ આપી અને જે વાત ચાલતી હતી તેને આગળ ચલાવી, ત્યાં પૂ. શ્રી રવિશંકર દાદા કહે: 'પડેલો યોગી માત્ર પશ્ચાત્તાપ જ કર્યા કરે અને પ્રયત્ન ન કરે તો એકલા પશ્ચાત્તાપથી કંઈ ન વળે. પડયા પણ હવે તો ઊભા થવું જ એ વિચાર લઈ આવા મુનિઓ પાસે આવીએ તો જ આપણું આવવું સફળ થાય.' મુનિશ્રીએ આ વાતને ટેકો આપતાં કહ્યું કે: "પાણી વાદળમાંથી ઉપરથી જ પડે છે ને! નીચે પડયા પછી નીચે ને નીચે જાય પણ એ જ પાણીને પંપનો સહારો મળી જાય તો એ પાછું ઊંચે જાય. વીસ માળ ઊંચે મકાનમાં પણ પાણી જાય પણ એને પંપની સહાય જોઇએ ભોગમાં પડેલા મનને પણ સંતનો સહારો મળતાં ધ્યાનયોગ દ્વારા એ ઉપર લઈ જાય. અને સાધક વરાળ કરી એને વીખેરી દે."

આ સાંભળી મને પણ થયું આ કેવો મીઠો સંગમ.

—તંત્રી

## જીવનનો હિસાબ

માનવજીવન અમૂલ્ય છે. એ વ્યર્થ ન જાય માટે એનો સાવધાનીપૂર્વક હિસાબ રાખવો જોઇએ. જે વેપારી હિસાબ રાખે છે અને સાવધાનીથી પોતાનો વ્યવહાર ચલાવે છે એને કદી ખોટ જતી નથી. એ જ પ્રમાણે જે લોકો પોતાના જીવનનો હિસાબ રાખે છે તેઓ પોતાના જીવનને ઉન્નત અને સફળ બનાવે છે. જીવનને ઉન્નત બનાવવા માટે એનો હિસાબ રાખવો જરૂરી છે તેમ જ આપણે કેવું જીવન બનાવવું છે એનો આદર્શ પણ દૃષ્ટિ સમક્ષ રાખવો જરૂરી છે. આપણી સામે કોઇ ઉચ્ચ આદર્શ હશે અને એ આદર્શ સિદ્ધ કરવા માટે આપણે પ્રયત્નશીલ હઈશું તો નિશ્ચય આપણે એ આદર્શને પહોંચી જઇશું. આદર્શ સામે રાખ્યા વગર જીવન વીતતું રહે એ બાળકના હાથમાં પેન્શીલ હોય ને તે લીટા પાડયા કરે એના જેવું છે. બાળકની ક્રિયા પાછળ યોજના ન હોય તો એ નિરર્થક લીટા કરશે. પરતું એની સામે કોઈ ચિત્ર હોય અને એ ચિત્ર પાડવાનો પ્રયત્ન કરતો હોય તો સંભવ છે કે બાળક ચિત્ર દોરવામાં સફળ થાય પણ ખરો, એ જ રીતે આપણે એક આદર્શ નક્કી કરી એનું ચિત્ર નજર સામે રાખવું જોઇએ. અને એ ચિત્ર પ્રમાણે આપણું જીવન બની રહ્યું છે કે નહિ એ જો તપાસતા રહીએ તો અવશ્ય આપણે આગળ વધી શકીએ છીએ. એ માટે એ આવશ્યક છે કે આપણે આપણી બધી વૃત્તિઓ ઉપર ધ્યાન આપવું જોઇએ. એમાંથી જે અયોગ્ય હોય તેનો ત્યાગ કરી સારી વૃત્તિઓને ભાવનામાં પરણિત કરી એને શુદ્ધ બનાવી વિવેકપૂર્વક એનો કાર્યમાં ઉપયોગ કરવો જોઇએ.

આપણે આપણી બુદ્ધિ, મન અને કર્મનું નિરીક્ષણ કરી એને સુધારવા પ્રયાસ કરીએ તો જ આપણું જીવન સુધરી શકે છે. સૂતાં પહેલાં આપણે આપણો રોજનો હિસાબ જોવો જોઇએ. જો કંઈ અનુચિત થઇ ગયું હોય, જો કોઇ દોષ થયો હોય, એ સર્વ માટે પ્રાયશ્ચિત કરવું જોઇએ. જેમ વેપારી સૂતાં પહેલાં પોતાનો હિસાબ રાખે છે. તેજ પ્રમાણે આપણે સૂતાં પહેલાં આપણી દ્વારા થયેલી તમામ ક્રિયા આપણા આદર્શ સાથે સુમેળ રાખે છે કે નહિ તે તપાસી લેવું જોઇએ. વૃત્તિઓને અનુસાર જીવવું યોગ્ય નથી, પણ તે યોગ્ય છે કે નહિ તે તપાસી સારી વૃતિઓને અનુસાર જીવન વિતાવવામાં કલ્યાણ છે. એને માટે મનને શુદ્ધ, સ્થિર અને સ્વાધીન રાખવું આવશ્યક છે, તો જ આપણે ઉન્નતિ કરી શકીશું.

સુવિચારો પ્રમાણે આચરણ થાય એ માટે વ્યકિતમાં સુસંસ્કાર હોવા જરૂરી છે. સંસ્કારો દ્વારા સદ્‌ગુણો પ્રવેશે છે, અને સદ્‌ગુણો પ્રમાણે વારંવાર આચરણ થવાથી એ સ્વભાવ બની જાય છે. સદ્‌ગુણ જ્યારે સ્વભાવ બની જાય છે ત્યારે અહંકાર નષ્ટ થઈ જાય છે. સદ્‌ગુણી આચરણનું જો કદાચ આપણને અભિમાન હોય તો સમજવું જોઇએ કે સદ્‌ગુણ આપણો સ્વભાવ નથી બની ગયો.

વાસણને કોઇ ચીજથી પૂરું ભરી દેવામાં આવે તો એમાં બીજી ચીજ રહી શકતી નથી. એ જ રીતે હૃદય સદ્‌ગુણોથી પરિપૂર્ણ હોય તો એમાં અભિમાન રહી શકતું નથી. આપણે બીજાથી શ્રેષ્ઠ છીએ, ચઢિયાતા છીએ એમ લાગે ત્યાં સુધી અભિમાન છે અને તે સર્વાંગીણ વિકાસમાં બાધક છે.

અહંકારથી સાચો વિકાસ થતો નથી. પાણી જોઈએ તો નીચે નમવું પડશે, નમ્યા વગર પાણી નથી મળી શકતું. સારો ઉપદેશ પણ નમ્ર બન્યા વગર ગ્રહણ નથી થઇ શકતો. જેને પોતાનું જીવન શુદ્ધ અને સરળ બનાવવું છે એણે અહંકાર છોડી નમ્ર બનવું જ પડશે.

નમ્ર બનવા માટે આપણે અંતર્મુખ બનવું જોઇએ. આપણે વિચારવું જોઇએ કે સંસારમાં

દુઃખ કેમ છે? આપણે અશુદ્ધ છીએ, આપણામાં દોષ છે, આપણા દોષોને લીધે આપણે દુઃખી બનીએ છીએ અને બીજાને દુઃખી બનાવીએ છીએ. આપણામાં અશુદ્ધિ કે દોષ હોય તો જ આપણાથી અશુદ્ધ ઉચ્ચારણ થઇ જાય. જો આપણમાં પ્રેમ હોય, વિશ્વાસ હોય તો આપણા મોઢામાંથી સારા શબ્દો જ નીકળશે. એટલે અંતર્મુખ બનીને આપણા દોષો જોતાં શીખવું જોઇએ. બીજાના દોષ જોવાથી કોઇ લાભ નહિ થાય. આપણે બીજાને છેતરી શકીએ, પણ આપણી જાતને આપણે નહિ છેતરી શકીએ. અંતર્મુખતા એક અરિસો છે તેમાં આપણે જેવા છીએ તેવું જ આપણું પ્રતિબિંબ પડે છે. અરીસામાં મોઢું જોતાં જો મોઢા પર કોઇ ડાઘ પડયો હોય તો તે દેખાતાં દૂર કરી શકાય છે. એ જ રીતે અંતર્મુખ થતાં જીવનના દોષો દૂર કરી શકાય છે. નામસ્મરણ, સંધ્યા, સામયિક, નમાજ, પ્રાર્થના, તથા ધ્યાન–ધારણા વગેરે પાછળ અંતર્મુખ બનવાનો જ આશય છે. તેથી હમેશાં અંતર્મુખ બની આપણી ઉપર નજર રાખવાની ટેવ પાડવી, તો આપણા દોષો દૂર થઇ શકશે.

પ્રત્યેક વ્યકિત આખરે સુખ ઇચ્છે છે. કોઇ દુઃખ ઇચ્છતું નથી, પરંતુ સુખ ઇચ્છવા છતાં અને સુખપ્રાપ્તિના પ્રયત્નો કરવા છતાં, વધારે પ્રમાણમાં દુઃખી જ લોકો મળે છે. તેઓ હમેશા પોતાના દુઃખનાં રોદણાં રડે છે. જો કોઇ દુઃખી પોતાનું દુઃખ બીજાને કહેવા જાય છે તો તે સાંભળનાર પોતાનું જ દુઃખ રડવા લાગે છે. એટલે સંત કવિએ કહ્યું છે કે, 'સુખિયા ઢુંઢત મૈ ફિરું, સુખિયા મિલત ન કોઇ, જિસકે આગે દુઃખ કહુ, સો વહી ઊઠા રોય,' એથી આપણામાં બીજાના દુઃખની વાત સાંભળવાની ધીરજ અને સહાનુભૂતિ પણ જોઇએ. દુઃખની વાત કહેવાથી દુઃખીનું મન હલકું થઈ જાય છે અને સહાનુભૂતિ પ્રગટ કરવાથી એ વહેંચાઇ જાય છે. અને જો આપણા હાથમાં હોય તો દુઃખીનું દુઃખ ઓછું કરવામાં મદદ કરવી જોઇએ. જો આપણા પર દુઃખ આવી પડે અને કોઇ એ દૂર કરે તો તે વ્યક્તિ આપણને પ્રિય લાગે છે. બીજાને પ્રિય થવા માટે બીજાના દુઃખને દૂર કરવું જોઇએ.

આપણે આ રીતે આપણું જીવન શ્રેષ્ઠ બનાવવું હોય તો એવો જ ઉન્નત જીવનનો આદર્શ દૃષ્ટિ સન્મુખ રાખવો જોઇએ અને એ આદર્શ અનુસાર ચાલવાનો નિશ્ચય કરવો જોઇએ. જ્યાં સુધી એવો દૃઢ સંકલ્પ આપણે નહિ કરીએ ત્યાં સુધી સદ્ગુણી ન બની શકીએ. જો દોષરહિત, સદ્ગુણી અને સંસ્કારી બનવું હોય તો એ આદર્શ સામે રાખી સદ્ગુણો કેળવવા જોઇએ. જીવનને ઉન્નત બનાવવા અનેક સદ્ગુણોની જરૂર છે. એમાં મુખ્ય છે: વિવેક, સંયમ, સાવધાની, પુરુષાર્થ, અને જાગૃતિ. વિવેક ન હોય તો સારા ખરાબનો નિર્ણય આપણે નહિ કરી શકીએ. વિવેક હોય પણ સંયમ ન હોય તો પણ નહિ ચાલે. કારણ સંયમ ન હોય તો સારા ખરાબનો ભેદ જાણવા છતાં એ અનુસાર વર્તી ન શકીએ. અને સંયમ પણ હોય પણ સાવધાની ન હોય તો પણ ગફલત થવા સંભવ છે. અને સાવધાની સંયમ અને વિવેક ત્રણે હોય, પરંતુ પુરૂષાર્થ નથી તો કશું જ નથી. આ બધી વાત થવા છતાં પણ જો જાગૃતિ ન હોય તો કામ નહિ ચાલે. જીવનમાં જાગૃતિનું અત્યંત મહત્ત્વ છે. જાગૃત રહેવાથી જ ભૂલ સમજાય છે. જો મનોભુમિકા સૂક્ષ્મ હશે અને વિવેક હશે તો દોષ જણાતાં વાર નહિ લાગે. સ્વચ્છ કપડાં પહેરવાની જેને આદત હોય છે એ મેલાં કપડાં જોતાં જ ઓળખી જાય છે, એને એવાં કપડાં સારાં જ નહિ લાગે. એ જ રીતે જાગૃત મનુષ્યને ભૂલ શોધવી મુશ્કેલ નહિ લાગે. આજથી નિશ્ચય કરો કે આ આદર્શ પ્રમાણે જીવન બનાવીશું.

—:*:—

## પ્ર કા શ ન નો પ્ર કા શ

વર્ષો પહેલાની આ વાત છે. ચિકાગોમાં વિશ્વધર્મ પરિષદ મળેલી. એમાં સર્વધર્મના પ્રતિનિધિ હતા. પોતપોતાના ધર્મના સિદ્ધાંતોને જગત સમક્ષ મૂકવાની આ અપૂર્વ તક કોઈ સપૂત જતી કરે એમ નહોતો. પૂ. આત્મારામજી મ. ના આશીર્વાદ લઇ સપૂત શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ પણ એમાં હાજરી આપી અને પોતાની તેજસ્વી વાણીથી જૈનધર્મના ભવ્ય સિદ્ધાંતો રજૂ કરીને પરિષદના નરનારીઓને પ્રભાવિત કરી દીધા. એ પછી તો એમને ઘણાં ઘણાં સ્થળોથી ભાષણ માટે આમંત્રણ મળ્યાં. અમેરિકા અને યુરોપમાં છસો જેટલાં ભાષણો આપી ઘણા ઘણાને એમણે જૈનધર્મ અંગે વિચારતા કર્યા. એમાં યુરોપના જાણીતા વિદ્વાન હર્બર્ટ વોરન પણ પ્રભાવિત થયા. એમણે ખૂબ જ ઝીણવટથી જૈનધર્મનો અભ્યાસ કર્યો. જૈન લીટરેચર સોસાયટીના એ માનદ મંત્રી બન્યા. તેમને લાગ્યું કે જૈન ધર્મના સિધ્ધાંતોની સમજ દુનિયાને આપવી જોઇએ. એનો પ્રચાર થવો જોઇએ. એટલે એમણે પોતે જ અભ્યાસ પૂર્ણ Jainism નામનું એક મનનીય પુસ્તક અંગ્રેજીમાં લખ્યું જે તે સમયે ઘણાને ગમ્યું. પણ પાછળથી એ જ્યોતને તેલ ન મળતાં ધીરે ધીરે વિસ્મૃત્તિના અંધકારમાં લુપ્ત થયું.

આપણો વર્તમાન સમાજ પૈસા અને પ્રતિષ્ઠા પાછળ પાગલ છે. તેવો પોતાના પવિત્ર આધ્યાત્મિક વારસા પાછળ મુગ્ધ હોય તો કેવું સારું? પેટ ભરવાની વિદ્યા મેળવવા તો આજે ધર્મીમાં ધર્મી કહેવાતા આગેવાનો પણ પોતાના પુત્રોને હસતા હસતા પરદેશ મોકલે છે. પણ આ આપણા મહાન વારસા રૂપ અહિંસા ધર્મના પ્રચાર માટે આવું કાંઇક કરનાર એક પણ ધર્મી છે?

આજે ચારે બાજુ ઘોર હિંસાનો પ્રચાર થઇ રહ્યો છે, ત્યારે સમયને પિછાની અહિંસા અને અનેકાન્તનો પ્રચાર કરવા માટે પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજની પ્રેરણાથી દિવ્યજ્ઞાન સંઘની સ્થાપના કરવામાં આવી.

આ સંસ્થા તરફથી અંગ્રેજી, ગુજરાતી, હીંદીમાં સાત પુસ્તકો તો બહાર પડી ચૂક્યાં છે. તેમાં આ Jainism પણ પૂ. ચિત્રભાનુ મહારાજની પ્રેરણાત્મક ટુંકી પ્રસ્તાવના સાથે તૈયાર થયું છે. તેનું ઉદ્દઘાટન ભારતની સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ વડા ન્યાયમૂર્તિ અને મુંબઇ યુનિવર્સિટીના વાયસ ચાન્સલર **શ્રી ગજેન્દ્ર ગડકર** ના વરદ હસ્તે તા. ૩૦-૧૦-૬૬ ના રવિવારનાં રોજ ચાર વાગે પૂ. મુનિરાજશ્રીની નિશ્રામાં કોટ શાન્તિનાથજીના ઉપાશ્રયના હોલમાં થશે. એ પ્રસંગે પૂ. મુનિશ્રી તથા વડા ન્યાયમૂર્તિ મંગલ પ્રવચન આપશે. તો એ પ્રેરણાદાયી વાણીનો લાભ લેવા વાંચકોને હાર્દિક આમંત્રણ છે.

તંત્રી : **સી. ટી. શાહ**

---

## પ્ર જા પ્રે મ

ચીમનલાલ સેતલવડ એકવાર સ્ટૉકહોમ ગયેલા.

ત્યાં એક અવનવો અનુભવ એમને થયો.

ટિકિટ આપનાર બસ કંડકટરે સેતલવડની બાજુમાં જ બેઠેલા એક સજ્જનને ટિકિટ આપતી વખતે ખૂબ જ આદરપૂર્વક અભિવાદન કર્યાં.

એવામાં એક સ્ટેન્ડ પાસે બસ ઊભી રહી. પેલા સજ્જન ઊતરી ગયા....

તે પછી પોતાનું કુતુહલ સંતોષવા માટે સેતલવડે પેલા કંડકટરને બોલાવીને પૂછ્યું.

કંડકટરે આદરથી કહ્યું, "એ તો અમારા દેશના રાજા હતા...

"એમ! વાહ ભાઇ, પરંતુ તેઓ પોતાની મોટર નથી રાખતા?"

"ના જી, અમારા રાજવી તો પ્રજાનાં સુખદુઃખ નિહાળવા જાતે નીકળે છે ને સામાન્ય માનવીની જેમ જ જીવે છે."

**બિપિનચંદ્ર દીવાન**

આકર્ષક વાતાવરણ ! મનોરમ્ય સજાવટ !

મુગ્ધકર કાપડ ! વ્યાજબી કિંમત !

પ્રત્યેક કુટુંબની પ્રત્યેક જરૂરિયાતોને સર્વથા અનુકૂળ આવે તેવું

કોહીનૂર મિલ્સનું છેલ્લામાં છેલ્લી ઢબનું

ભાતભાતનું લોકપ્રિય કાપડ !

| ફેશનની સાથે કદમ મિલાવો | રૂબાયત વાયલ પોપલીનનો આગ્રહ રાખો |
|---|---|

# ધી કોહીનૂર મિલ્સ કંપની લિમિટેડ,

## મુંબઇ

—: વેચાણ મથકો :—

૧૪, કાન્તિલાલ હાઉસ,
ન્યુ કિવન્સ રોડ,
**મુંબઇ-૪.**

નાયગામ ક્રોસ રોડ,
દાદર,
**મુંબઇ-૧૪.**

૫૨૭, લેડી જમશેદજી રોડ,
દાદર,
**મુંબઇ-૨૮.**

મેનેજિંગ એજન્ટસ

કિલિક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ.

હોમ સ્ટ્રીટ, કોટ, મુંબઈ-૧.

## —: દ ષ્ટા ન્ત ક ણિ કા :—

ટૉલ્સ્ટૉયે એક વાર્તા લખી છે : એક છોકરાએ જોયું તો નજીકના પાડોશીને ત્યાં કોક રોતું હતું. કુતૂહલવશ તેણે માને પૂછ્યું, 'મા, એ કેમ રડે છે ?'

માએ સમજાવતાં કહ્યું, 'કોર્ટમાં તેમની વિરુદ્ધ ચુકાદો આવ્યો છે.'

છોકરો : 'હવે એ લોકો શું કરશે ?'

મા : 'હવે એ જિલ્લાની કોર્ટમાં જશે.'

છોકરો : 'ત્યાંનો ફેંસલો પણ એમની વિરુદ્ધમાં આવશે તો પછી એ ક્યાં જશે ?'

મા : 'તો પછી એ મોસ્કોની કોર્ટમાં જશે.'

છોકરાએ જિજ્ઞાસા સંતોષવા પૂછી લીધું, 'પણ મોસ્કોની અદાલતમાં યે અનુકૂળ ફેંસલો ન આવ્યો તો ?'

મા : 'પછી તો ભગવાનની કોર્ટમાં અરજ ગુજારવાની બાકી રહી.'

પણ એ વાતની નાના છોકરાને ગેડ બેસી નહીં. એટલે એણે પોતાની શંકા રજુ કરી, આટલુ બધું કર્યા પછી એ પરમાત્મા પાસે જશે! એના કરતાં પહેલાં જ ત્યાં અરજ ગુજારે તો ?'

મા શું જવાબ વાળે? એ ચડી-ચૂપ થઇ ગઈ!

*

### ગાફેલ ગરીબ

એક હતો ગરીબ બ્રાહ્મણ. એ શિવજીનો ભક્ત હતો. સ્નાન કરી પૂજાપાઠ કરે અને શિવજીને આજીજી કરે, 'શંભો, આ ગરીબીમાંથી ઉગારો!'

છેવટે શિવજી પલળ્યા અને કહ્યું, 'તારા ભાગ્યમાં ધન નથી બેટા! તને આપીશ તોય તને નહીં પહોંચે!'

'ભગવાન તમે આપો તો ખરા!'

'તથાસ્તુ! જા કાલે તને આપીશ,' કહીને શિવજી અલોપ થયા. બ્રાહ્મણને આખી રાત ઊંઘ ન આવી. આનંદથી એ ઘેલોઘેલો થઇ ગયો. સવારે નાહ્યો-ન-નાહ્યો ને દોડયો શિવાલયમાં. ઝટપટ પૂજાપાઠ આટોપ્યાં ને પછી 'આજે તો ધન મળશે, પછી હું મહેલ બાંધીશ....' વગેરે તરંગોમાં મહાલતો, તરેહવાર વિચારો કરતો ઘેર જવા લાગ્યો.

'પછી હું ઘરડો થઇશ. આંખે ઝાંખપ આવશે. ત્યારે સોનેરી મૂઠવાળી રૂપાની લાકડી ઠપકારતો રોજ મહાદેવના મંદિરમાં આવીશ. મારો પોતરો મને લાકડી ઝાલીને દોરી જશે...

એવી કલ્પનામાં રાચતો એ બ્રાહ્મણ આંખો મીંચીને હાથ આગળ કરીને ચાલતો રહ્યો. એ રસ્તે શિવજીએ હીરામોતીનો ઢગલો ખડકયો હતો, એને જોયા વિના જ ઘેર પહોંચી ગયો!

સ્વરાજ્યની લડતમાં પ્રજાનું આવું જ થયું છે. સ્વરાજ્યનું વરદાન તો મળ્યું, પણ પ્રજા ગાફેલમાં આંધળી બની છે. તેથી એ ધનનો ઢગલો સૂઝતો નથી.

*

### ૧૭ વર્ષનો સેનાપતિ!

પાણીપતની લડાઇમાં અહમદશાહ અબ્દાલી જેવા કુશળ સેનાપતિનો સામનો જનકોજી શિંદેએ કર્યો. અને તે ય એક વરસ સુધી!

તે વેળા જનકોજીની ઉંમર ૧૭ વર્ષની હતી! અને તે અઢાર હજાર સેનાનો સેનાપતિ હતો!

આટલી નાની ઉંમરે જનકોજી અહમદશાહ સામે લડયો. આ આત્મવિશ્વાસનું દૃષ્ટાંત છે,

સંકલિત : અમૃત

મુદ્રક, પ્રકાશન અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેન્દ્રચંદ્ર પ્રિન્ટર્સ મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેટીન ચેમ્બસ, દલાલ સ્ટ્રીટ, મુંબઈ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.